Series 56 -Imam Shah was preacher of Khojas

DN: email=mail@realpatidar.com
Date: 2017.01.24 21:03:57 +05'30'

19-Jul-2014

realpatidar.com

An article was published recently on 10-Jul-2014 in Bhuj Edition of Kutch Mitra newspaper, which is in Gujarati language.

હાલમાં, તા.૧૦-જુલાઈ-૨૦૧૪ના, કચ્છ મિત્રના ભુજ આવૃત્તિમાં એક લેખ છપાયેલ હતો.

The article is on the occasion of anniversary of date on which the present Aga Khan, Karim Aga Khan became the supreme religious leader of Khoja community.

હાલના કરીમ આગા ખાન જે દિવસે ગુરૂગાદી પર બેઠા (એટલે કે તખ્તનશીન થયા) તે દિવસની ઉજવણીની વર્ષગાંઠના પ્રસંગે આ લેખ લખવામાં આવેલ હતો.

શાંતિપ્રિય અને પ્રતિષ્ઠિત વેપારી પ્રજા : ખોજા

આજથી બરાબર ૫૭ વર્ષ પહેલાં ૧૧મી જુલાઈ ૧૯૫૭ના કરીમ અગાખાન ખોજા જ્ઞાતિના ધર્મગુરુ પદની ગાદી પર બિરાજમાન થયા ત્યારે તેમની ઉંમર માત્ર ૨૧ વર્ષની હતી. તે દિવસથી ૧૧મી જુલાઈનો દિન ખોજા લોકો ધામધૂમથી આનંદ અને ખુશી સાથે ઉજવી એકબીજાને મુબારકીઓ આપે છે. આ દિવસ 'તખ્તનશીની દિન' કે 'ઈમામત દિન' તરીકે ઓળખાય છે.

આજથી અંદાજે પાંચસો વર્ષ પહેલાં ભારતીય ખોજા જ્ઞાતિનો ઈતિહાસ શરૂ થાય છે પરંતુ એ પહેલાં ખોજા પ્રજાનો એક મહત્ત્વનો કાંટો પડી ચૂકયો હતો જે વિશે ખુલાસો કરવો જરૂરી છે તે છે 'ઈશ્નાઅશરી ખોજા'

હજરત અલી (અ.સ.) ની છઠ્ઠી પેઢીએ થઈ ગયેલા હ. ઈમામ ઈસ્માઈલને માનનારા ઈસ્માઈલી કહેવાયા જયારે તેમના જ ભાઈ હ. મુસા અલ-કાઝીમને માનનારા ઈશ્નાઅશરી કહેવાયા. લખતી વખતે 'શિયા ઈસ્માઈલી ખોજા' અને 'શિયા ઈશ્નાઅશરી ખોજા' એમ લખાય છે. ઈશ્નાઅશરીઓની મુખ્ય વસતી મુંબઈ, ભાવનગર અને મહુવામાં છે. કચ્છમાં તેઓના મુખ્ય સેન્ટર નાગલપુર, મુંદરા, ભુજ અને કેરા છે.

ઈ.સ.ની પંદરમી સદીમાં થઈ ગયેલા પીર સદરદીનને ભારતમાં ખોજા પંથના સ્થાપક કહી શકાય. તે સમયથી ભારતીય ખોજાલોકોનો વ્યવસ્થિત ઈતિહાસ શરૂ થાય છે. જો કે તેમના પહેલાં પીર સતુગુર નૂર અને પીર રાજણ જેવા મહાન અને પ્રભાવશાળી ઈસ્માઈલી પીરો ભારતમાં આવી ચૂકયા હતા પરંતુ તેમના વિશે બહુ માહિતી મળતી નથી.

ઈમામદ દિન

નાઝીમ એ. મર્ચન્ટ

પીર સદરદીને હિન્દુ ધર્મ અને માન્યતાઓનો ઊંડો અભ્યાસ કર્યો અને કુરઆને શરીફનો બોધ કવિતાના સ્વરૂપમાં લોકોને આપ્યો. આજે પણ ગુજરાતના પ્રખ્યાત જૂના કવિઓમાં તેમનું ગૌરવવંતુ સ્થાન છે તેમની કેટલીક સુંદર રચનાઓ સંત કબીર અને મીરાબાઈના ભજનોની યાદ અપાવે છે. જયારે તેમનો 'બુજ નિરંજન' ગ્રંથ મુસ્લિમ સૂફી સાહિત્ય જેવો છે.

પીર સદરદીનના જીવન અને બોધથી અનેક લોકો પ્રભાવિત થયા. તેમના અનુયાયીઓનો મોટો સમુદાય બન્યો જેને તેમણે 'ખ્વાજા' નામ આપ્યું અને ખ્વાજામાંથી ખોજા થયું. તેમની ધર્મપ્રચારની પ્રવૃત્તિનું મુખ્ય કેન્દ્ર કચ્છ અને સિંધની આસપાસ હતું.

પીર સદરદીન પછી તેમના પૌત્ર સૈયદ ઈમામશાહ એક ઉચ્ચ હસ્તી તરીકે ઊભરી આવ્યા હતા. તેમણે મોટેભાગે ગુજરાતમાં વસવાટ કર્યો હતો. તેમની તેજસ્વી પ્રતિભાથી અનેક લોકો આકર્ષાયા હતા. તેમણે પોતાના અનુયાયીઓને 'મોમીન' નામ આપ્યું જેમાંથી મોમના થયું.

'જન્નતપુરી' એ સૈયદ ઈમામશાહ દ્વારા રચાયેલો એક ખૂબ જ સુંદર ગ્રંથ છે. આજથી અંદાજે ૪૫૦ વર્ષ પહેલાં ૧૫૩ પદોના બનેલા આ ગ્રંથમાં સૈયદ ઈમામશાહે ખોજા સંપ્રદાયના ઈતિહાસને લગતી ઘણી અગત્યની બાબતો પણ વણી લીધી છે. હાલમાં ભાગ્યે જ કોઈ પાસે જોવા મળતો 'જન્નતપુરી' ગ્રંથ આ લખનાર પાસે છે.

સંદર્ભ : ૧.મહાજાતિ ગુજરાતી ૨. નુરૂમ મુબીન ૩.ખોજા વૃતાંત ૪.નિઝારી ઈસ્માઈલી ટ્રેડિશન (અંગ્રેજી)

Kutch Mitra, Bhuj Edition, Date 10-Jul-2014 -Page 14

Thereafter, the article goes on to the history of how Khoja community came into existence. If further mentions about the great preachers of Khojas, which include Pir Satguru Nur, Pir Rajas, Pir Sadruddin and then goes on to include Imam Shah.

realpatidar.com

ત્યાર બાદ કેવી રીતે ખોજા કોમ અસ્તિત્વમાં આવી અને તેનો ઈતિહાસનો ઉલ્લેખ આ લેખમાં છે. realpatidar.com ત્યાર બાદ ખોજાઓના મહાન પ્રચારક પીરોનો પણ ઉલ્લેખ આ લેખમાં કરેલ છે, જેમાં પીર સતગુરુ નુર, પીર રાજસ, પીર સદરદિન (સદ્દ્દીન / સદ્રુદ્દીન) અને છેલ્લે ઈમામ શાહના નામો શામેલ છે.

Pir Sadruddin deeply studied Hindu religion and presented the message of Kuran in form of Poetry. His was of religious preaching was centered in and around the areas of Kutch (Kachchh) and Sindh. His grand son was Imam Shah, who pushed forward the mission of religious conversion of his grand father.
પીર સદરદિને હિંદુ ધર્મ અને માન્યતાઓનો ઊંડો અભ્યાસ કર્યો અને કુરાને શરીફનો બોધ કવિતાના સ્વરૂપે લોકોને આપ્યો. તેમનું ધર્મ પ્રચારની પ્રવૃત્તિનું મુખ્ય કેન્દ્ર કચ્છ અને સિંધની આસપાસનું હતું. પીર સદરદિન પછી તેમના પૌત્ર સૈયદ ઈમામ શાહે પોતાના દાદાનું ધર્મ પ્રચારનું અધૂરું રહેલું કામ આગળ ધપાવ્યું.

The article says that Imam Shah gave the title of “Momins” to its followers. Further the article also mentions that Imam Shah wrote many religious literature like “Jannatpuri” etc.
લેખમાં એવું જણાવેલ છે કે ઈમામ શાહે પોતાના અનુયાયીઓને “મોમીન” (“મોમના”) નું બિરુદ આપેલ હતું. વધુમાં લેખમાં જણાવે છે કે ઈમામશાહે ઘણા બધા ધાર્મિક પુસ્તકો લખ્યા જેમ કે “જન્નતપૂરી” વગેરે.

At the end the list of references used by the author include;
છેલ્લે લેખતે જે પુસતકોનો સંદર્ભ લીધેલ છે, તેનો ઉલ્લેખ કરેલ છે, જે આ પ્રમાણે છે;

1) Mahagnati Gujarati/ મહાજ્ઞાતિ ગુજરાતી

2) Nur Mubin/ નુર મુબીન

3) Khoja Vruttant/ ખોજા વૃત્તાંત

4) Nizari Ismaili Tradition/ નીઝારી ઈસ્માઈલી ટ્રેડીશન (અંગ્રેજીમાં)

The fact well known to everybody that that Imam Shah converted many local Hindus to Islam, get reiterated by this article.
જે હકીકતને સહુ ભલીભાંતિ જાણે છે, કે ઈમામ શાહે ઘણા બધા સ્થાનિક હિંદુઓને વટલાવીને મુસલમાન બનાવ્યા છે, તે હકીકતને ફરીથી આ લેખ પુનઃ પ્રસ્થાપિત કરી રહ્યું છે.

Real Patidar
www.realpatidar.com

Download / Print / View full article, with attachments [Best Option]: https://app.box.com/s/db6dx4t33nqp4p0eba0k
realpatidar.com